
Vishva Samachar Weekly
RNI : GujGuj/2001/05622

વિશ્વ સમાચાર
સાપ્તાહિક

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA
E-mail : vishvasamacharindia@gmail.com
● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455
• Year : 24 • Issue : 43 • Dt. 21-07-2025 • Monday • Rs.5-00 • • Page-4




## સીએમ પદ માટે નીતિશ કુમાર જ ફાઈનલ!

# બિહારમાં યોજાનાર ચૂંટણી અગાઉ જેડીયુએ ભાજપનું ટેન્શન વધાર્યું

## જેડીયુ ફર્સ્ટ ડિવિઝન આવે કે, થર્ડ ડિવિઝન, મુખ્યમંત્રી તો નીતિશ કુમાર જ રહેશે : મંત્રી મહેશ્વર હજારી

પટણા

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર મુદ્દે વિપક્ષ દ્વારા સતત સંકેતો અપાઈ રહ્યા છે કે, આ વખતે તેઓ મુખ્યમંત્રી બની શકશે નહીં. તેમના વિરોધી બિહારવાસીઓના મગજમાં આ વાત ઘર કરી જાય તે હેતુ સાથે સતત આ વાતનો પુનરોચ્ચાર કરી રહ્યા છે, જો કે, જેડીયુએ આ મામલે ચાલી રહેલી અટકળોનો અંત લાવતાં સ્પષ્ટતા કરી છે કે, જેડીયુ ફર્સ્ટ ડિવિઝનમાં આવે કે થર્ડ ડિવિઝનમાં મુખ્યમંત્રી તો નીતિશ કુમાર જ બનશે.

જેડીયુના નેતૃત્વ હેઠળની એનડીએ ગઠબંધન સરકારમાં મંત્રી મહેશ્વર હજારીએ જણાવ્યું હતું કે, જેડીયુ ફર્સ્ટ ડિવિઝન આવે કે, થર્ડ ડિવિઝન, મુખ્યમંત્રી તો નીતિશ કુમાર જ રહેશે. ગમે-તે પરિસ્થિતિમાં CM તો તે જ રહેશે. આ મુદ્દે કોઈ સંકોચ રહેવો જોઈએ નહીં. નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારે પણ આ મામલે પ્રતિક્રિયા આપી છે કે, બિહારમાં ફરીથી એનડીએની સરકાર બનશે, ચૂંટણીમાં એનડીએને ભારે બહુમત મળવાનુ નિશ્ચિત છે. મારા પિતા જ મુખ્યમંત્રી બનશે.

બિહાર વિધાનસભા ચૂંટણીના કારણે રાજકારણ ગરમાયું છે. એનડીએની સહયોગી પાર્ટી જેડીયુએ પટના સ્થિત પોતાની પાર્ટી ઓફિસની બહાર મોટુ પોસ્ટર લગાવ્યું છે. જેમાં લખ્યું છે કે, ૨૫થી ૩૦, ફરીથી નીતિશ. આ પોસ્ટર હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીના નિવેદનનો જવાબ આપવા લગાવવામાં આવ્યું છે. સૈનીએ કહ્યું હતું કે, ભાજપ પૂર્વીય રાજ્ય (બિહાર)માં સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડશે. જેથી જેડીયુએ પોસ્ટર લગાવી કહ્યું હતું કે, આ પોસ્ટર અને સંદેશ આ વાતનું પ્રમાણ છે કે, નીતિશ મેજિક આજે પણ કાયમ છે. વરિષ્ઠ જેડીયુ નેતા નીરજ કુમારે પણ જણાવ્યું હતું કે, એનડીએએ પહેલાંથી જ નક્કી કરી લીધુ છે કે, આગામી વિધાનસભા ચૂંટણી નીતિશજીના



નેતૃત્વ હેઠળ લડશે. ૨૦૨૫થી ૨૦૩૦ દરમિયાન તે જ મુખ્યમંત્રી રહેશે...બસ આટલી જ વાત છે.

નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રીએ પણ સ્પષ્ટ જણાવ્યું હતું કે, વિધાનસભા ચૂંટણી બાદ પણ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર જ રહેશે. રાજ્યના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીએ પણ કહ્યું હતું કે, એનડીએ બિહારમાં સત્તા જાળવી રાખશે. આગામી સરકાર નીતિશ કુમારના નેતૃત્વમાં જ બનશે. વિપક્ષના તમામ દાવાઓ વચ્ચે જેડીયુએ સંકેત આપ્યા છે કે, નીતિશ કુમારનું નેતૃત્વ ગઠબંધનને સંપૂર્ણપણે સ્વીકાર્ય છે. આગામી સરકાર પણ તેમના નેતૃત્વ હેઠળ ચાલશે.

## વિમાનના પાછળના ભાગમાં મળ્યા મહત્વપૂર્ણ સંકેતો

# એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસમાં નવો વળાંક આવ્યો

## પાછળના ભાગમાં ઈલેક્ટ્રિકલ આગના નિશાન મળ્યા



નવી દિલ્હી

અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે. તપાસકર્તાઓ બોઈંગ ડ્રીમલાઈનરના કાટમાળની બારીકાઈથી તપાસ કરી રહ્યા છે. તો તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે.

અધિકારીઓનું કહેવું છે કે વિમાનના એમ્પેનેજ અથવા ટેલ એસેમ્બલીના કાટમાળમાં ઈલેક્ટ્રિક આગના સંકેતો મળી આવ્યા છે, જોકે આ આગ ફક્ત વિમાનના પાછળના ભાગ સુધી જ લાગી હતી, જેના કારણે ટેલ અલગ થઈ ગઈ હતી અને અકસ્માતમાં વધુ અસર થઈ હતી. આ કારણે વિમાનનો બાકીનો ભાગ પણ બળી ગયો હતો. આ ખુલાસો આશ્ચર્યજનક છે કારણ કે તે અકસ્માતનું મુખ્ય કારણ પણ હોઈ શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, ૧૨ જુલાઈ ૨૦૨૫ના રોજ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો ઓફ ઈન્ડિયા (AAIB)ના તપાસ અહેવાલ અનુસાર, ફ્લાઈટ ઉડાન ભર્યાના લગભગ ૩ સેકન્ડ પછી, બંને એન્જિન ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ સીધા રનથી કટઓફ તરફ ગયા, જેના કારણે એન્જિન બંધ થઈ ગયા. તપાસકર્તાઓના મતે ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામીને કારણે એન્જિન કંટ્રોલ યુનિટને ખોટો ડેટા મળ્યો હતો, જેના કારણે બળતણ પુરવઠો બંધ થઈ ગયો હતો. વિમાનના પાછળના ભાગમાં આવેલ સહાયક પાવર યુનિટ (APU) અકબંધ છે, જ્યારે પાછળનો બ્લેક બોક્સ ક્ષતિગ્રસ્ત છે, જેના કારણે ડેટા કાઢવામાં મુશ્કેલી પડી રહી છે. આવી સ્થિતિમાં, આગળના બ્લેક બોક્સમાં મેળવેલ ડેટા તપાસ માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે.તપાસમાં એ પણ જાણવા મળ્યું કે દિલ્હીથી અમદાવાદ જતી અગાઉની ફ્લાઈટ AI-423માં, પાઈલટે STAB POS XDCR (સ્ટેબિલાઈઝર પોઝિશન ટ્રાન્સડ્યુસર)માં સમસ્યા વિશે ફરિયાદ કરી હતી. જે સેન્સર ફ્લાઈટના પિચને નિયંત્રિત કરે છે અને વિમાનના નિયંત્રણ સિસ્ટમમાં ડેટા મોકલે છે. મેન્ટેનન્સ ઈજનેરે અમદાવાદમાં તેની તપાસ કર્યા પછી ફ્લાઈટને મંજૂરી આપી હતી, જો કે હવે અધિકારીઓ આ સેન્સરની ખામીને ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામી સાથે જોડી રહ્યા છે. પ્રોબના પાછળના ભાગમાં મળેલા સહાયક પાવર યુનિટ, ટ્રાન્સડ્યુસર્સ અને રડારને વિશ્લેષણ માટે સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

તપાસમાં સામેલ એક અધિકારીએ જણાવ્યું હતું કે ફ્લાઈટ દરમિયાન તેની ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ખામીને કારણે, સેન્સર ડેટામાં પણ ખામી હોવી જોઈએ, જેના કારણે ECU દ્વારા એન્જિનને ખોટો આદેશ મોકલવામાં આવ્યો હતો,

# આગ્રા ધર્મ પરિવર્તનના કેસમાં ૧૦ આરોપીઓની ઓળખ

લખનૌ

દેશના સૌથી મોટા રાજ્યોમાંનું એક ઉત્તર પ્રદેશ, છેલ્લા ઘણા વર્ષોથી ધર્માંતરણ કરનારાઓ અને અન્ય લોકોને ધર્માંતરણ કરાવનારાઓના નિશાના પર છે. અહીં, એક પછી એક ધર્માંતરણની ઘણી મોટી ગેંગનો પર્દાફાશ થઈ રહ્યો છે. બલરામપુરના ચાંગુર બાબા અને તેના ગુંડાઓનો કેસ હજુ શાંત થયો ન હતો કે આગ્રાથી બીજા એક મોટા સમાચાર બહાર આવ્યા. અહીં આગ્રા પોલીસે ધર્માંતરણના કેસમાં એકસાથે ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે. છોકરીઓનું બ્રેન વોસ કરનારા આ ખતરનાક આરોપીઓના ફોટા અને માહિતી શેર કરી છે. આગ્રા પોલીસના જણાવ્યા અનુસાર, આ ગેંગ ISIS ની પેટર્ન પર છોકરીઓનું બ્રેન વોસ અને તેમનું ધર્મ પરિવર્તન કરવાની સાથે સાથે આતંકવાદી યોજનાઓમાં ધકેલી રહી હતી. ધર્માંતરણના આ બધા આરોપીઓને અમેરિકા, લંડન, કેનેડા, દુબઈ અને પાકિસ્તાનની એજન્સીઓ પાસેથી ભંડોળ મળી રહ્યું હતું. આરોપીઓએ પોતાનું નેટવર્ક એક કે બે નહીં પરંતુ દેશના ૬ રાજ્યોમાં ફેલાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે તેઓ જલાલુદ્દીન ઉર્ફે ચાંગુર બાબા કરતાં વધુ ઝડપથી તેમના પીડિતોને પસંદ કરી રહ્યા હતા. આગ્રા પોલીસના જણાવ્યા અનુસાર, ધર્મ પરિવર્તન રેકેટના આ ૧૦ આરોપીઓની ઓળખ જાહેર થઈ છે. તેમને પકડવા માટે, લગભગ ૧૧ પોલીસ ટીમોએ ઉત્તર પ્રદેશ, દિલ્હી, ગોવા, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં કાર્યવાહી કરવી પડી. આરોપીઓની યાદીમાં ગોવાના આયેશા ઉર્ફે એસ.બી. કૃષ્ણા, દિલ્હીના મુસ્તફા ઉર્ફે મનોજ, કોલકાતાના અલી હસન ઉર્ફે શેખર રોય, ઓસામા, દેહરાદૂનનો અબુ રહેમાન, આગ્રાનો રહેમાન કુરેશી, મુઝફ્ફરનગરનો અબ્બુ તાલિબ, મોહમ્મદ અલી, મોહમ્મદ અલી, જયપુરનો જુનૈદ કુરેશીના નામ શામેલ છે.

## તંત્રીની કલમે................

# રક્તરંજિત બિહારી ટક્કર


Editor- Nilay H. Mehta

બિહાર હવે જેમ જેમ વિધાનસભા ચૂંટણી તરફ આગળ વધી રહ્યું છે તેમ, ગુનેગારો કાબુ બહાર ગયા છે. આમ પણ બિહારમાં અંધારી આલમ એટલી બધી પ્રસરેલી છે કે એના ઉજાસમાં પણ હવે અંધારાં ઉતરી આવ્યાં છે. રાજ્યની રાજધાની પટણાની એક ખાનગી હોસ્પિટલમાં જે રીતે પાંચ ખતરનાક શૂટરોએ ધોળા દિવસે એક ગેંગસ્ટરની હત્યા કરી, તેનાથી લાગે છે કે કાયદો અને વ્યવસ્થાનો ડર ખતમ થઈ ગયો છે. તાજેતરના ભૂતકાળમાં એક પછી એક ઘણી ગુનાઈત ઘટનાઓ બની છે. આવી સ્થિતિમાં, ચૂંટણી પહેલા કાયદો અને વ્યવસ્થામાં સુધારો કરવો એ નીતિશ સરકાર માટે સૌથી મોટો પડકાર બની ગયો છે. જો આ જ વાતાવરણમાં ચૂંટણી થશે તો પરિણામ તો આવતું આવશે, એ પહેલા દરેક મતવિસ્તારમાં હરીફાઈનો લોહિયાળ અંજામ આવશે. લાલુ પ્રસાદે એના શાસનકાળમાં વાવેલા ઝેરનાં બીજ આજે જાતિગત વૈમનસ્યના ઘટાટોપ ઝાડ બની ગયા છે. હોસ્પિટલમાં માર્યો ગયેલો શખ્સ પોતે હત્યાના કેસમાં જેલમાં હતો અને હાલમાં પેરોલ પર હતો. આ ઘટનામાં કોઈ હરીફ ગેંગ સામેલ હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે રાજ્યમાં સંગઠિત અપરાધ ફરી માથું ઉંચકી રહ્યો છે. આ મહિને, જુલાઈના પ્રથમ સપ્તાહમાં, બિહારના એક મોટા ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા કરવામાં આવી હતી અને તેમાં પણ ભાડે રાખેલા શૂટરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સોપારી આપવા-લેવાનો ધંધો અહીં પૂરબહારમાં ચાલે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના આંકડામાં બિહાર ગુનામાં અન્ય ઘણાં રાજ્યો કરતાં પાછળ જોવા મળી શકે છે, પરંતુ સત્ય એ છે કે આંકડા આખી વાર્તા કહેતા નથી. આ ગુનાઓ રાજ્યમાં ત્યારે થઈ રહ્યા છે જ્યારે સમગ્ર ધ્યાન ગુના નિયંત્રણ પર હોય છે. ખેમકા હત્યા કેસના થોડા દિવસો પછી, પટણામાં ભાજપ નેતા વિક્રમ ઝાની હત્યા કરવામાં આવી હતી. આ પછી, એક વકીલ અને એક શિક્ષકને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ શ્રેણી ક્યાંય અટકતી નથી લાગતી.

પોલીસ શું કરે છે એવું તો પૂછી જ શકાય નહીં, કારણ કે ગુજરાતમાં શરાબની રેલમછેલ વચ્ચે આજ સુધી કોઈ સરકારે પૂછયું છે કે પોલીસ શું કરે છે? જોઈએ તેટલો ને જોઈએ તે બ્રાન્ડનો શરાબ ગુજરાતમાં ઓન-કોલ બહુ જ આસાનીથી ઉપલબ્ધ છે એ જાહેર ખાનગી વાત છે. એ જ રીતે બિહારમાં જે અપરાધ થાય છે એમાં જે તે સંબંધિત પોલીસ સ્ટેશનના વડાને અગાઉથી જ જાણ હોય છે એવી એક પ્રચલિત માન્યતા છે. હવે તો બિહાર પોલીસ પણ સ્વીકારી રહી છે કે તાજેતરમાં હત્યાઓમાં વધારો થયો છે. જોકે, તેના એક વરિષ્ઠ અધિકારીએ જે કારણો આપ્યાં છે તે માનવા મુશ્કેલ છે. તેમના મતે, જૂનમાં વધુ ઘટનાઓ બને છે, કારણ કે ચોમાસુ આવે ત્યાં સુધી ખેડૂતો ખાલી બેઠા હોય છે. આવા બહાનાઓથી ગુનાઓને નિયંત્રિત કરી શકાતા નથી. ચૂંટણી વર્ષને કારણે રાજકીય પક્ષો અને મીડિયા આના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે એમ કહેવું પણ કામ કરશે નહીં.

બિહારમાં, કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો હંમેશાં રાજકીય પાસાં સાથે જોડાયેલો રહ્યો છે. રાજ્યના લોકોના મનમાં ઘણી ખરાબ યાદો છે અને રાજકીય રમતમાં, તે યાદો ક્યારેય નબળી ન પડે તે માટે પ્રયાસ કરવામાં આવે છે. અત્યાર સુધી, સીએમ નીતિશકુમારને આનો ફાયદો થયો છે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક – યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### આ પહેલથી વાર્ષિક ૧ કરોડનો ખર્ચ બચી શકે છે

# RTO ખાતે ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવ્યુ

## AMC દ્વારા ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનમાં ૨૪૦ કિલોવોટ અને ૧૮૦ કિલોવોટના ૨ ચાર્જર તથા ૧૨૦ કિલોવોટ પાવર સોલાર સિસ્ટમ સેટ કરાઈ છે



અમદાવાદ

**AMC** દ્વારા અમદાવાદ જનમાર્ગ લિમિટેડના સહયોગથી **RTO** ખાતે ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન બનાવાયા છે. આજે **CM** ભૂપેન્દ્ર પટેલ, આ ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરવાના છે. જે થતા જ પબ્લિક ટ્રાન્સપોર્ટ માટેની ઈલેક્ટ્રિક બસ માટે આ પ્રકારનું ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન બનાવનાર પ્રથમ શહેર અમદાવાદ બન્યું છે. ત્યારે આ ચાર્જિંગ સ્ટેશન કઈ રીતે કામ કરશે અને તેનાથી કેટલો ફાયદો થશે

**AMC** દ્વારા ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનમાં ૨૪૦ કિલોવોટ અને ૧૮૦ કિલોવોટના ૨ ચાર્જર તથા ૧૨૦ કિલોવોટ પાવર સોલાર સિસ્ટમ સેટ કરાઈ છે. આ ખાસ પહેલ, સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કોઓપરેશન દ્વારા ફંડેડ "કેપેસિટી બિલ્ડીંગ પ્રોજેક્ટ ઓન લો કાર્બન એન્ડ ક્લાઈમેટ રેસિલિએન્ટ સિટી ડેવેલોપમેન્ટ ઈન ઈન્ડિયા (કેપેસિટીસ)" ફેઝર પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરાઈ છે.

હાલની પરિસ્થિતિમાં દરરોજ ઈલેક્ટ્રિક બસની માઈલેજ પૂરી થયા બાદ, ફરીથી તેને ચાર્જ કરવા માટે ૪૦ જેટલી બસને ચાર્જિંગ ડેપો સુધી મોકલવા લગભગ વાર્ષિક ૬૦ લાખનો એક્સ્ટ્રા ખર્ચ **AMC** દ્વારા થઈ રહ્યો છે.

હવે સોલાર પાવર્ડ ઓન રૂટ ચાર્જિંગ વિથ સોલાર પ્રોજેક્ટના અમલ પછી દરરોજ ૪૦થી ૪૫ બસો માટે ઓન રૂટ ચાર્જિંગ શક્ય બનશે.

આ ઉપરાંત, ૧૨૦ કિલોવોટ **(kWp)** સોલાર પાવર સિસ્ટમથી દર વર્ષે આશરે ૧.૨ લાખ કિલોવોટ **(kWh)** ઊર્જાનું ઉત્પાદન થશે અને કાર્બન ડાયોક્સાઈડ ઈક્વિવેલન્ટ **(CO2e)** ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે. જેથી આ કામગીરીના કારણે ૪૦થી ૪૫ બસોના ઓન રૂટ ચાર્જિંગના સુચારુ સંચાલન થકી **AMC**ને આશરે રૂપિયા ૧ કરોડની વાર્ષિક નાણાકીય બચત થવા પાત્ર છે.આજે (૧૯ જુલાઈએ) **CM** ભૂપેન્દ્ર પટેલ, ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરવાના છે. આ અમલી થતા જ પબ્લિક ટ્રાન્સપોર્ટ માટેની ઈલેક્ટ્રિક બસ માટે ઓન રૂટ સોલાર પાવર્ડ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન બનાવનાર દેશનું પ્રથમ શહેર અમદાવાદ બની જશે. ત્યારે નોંધનીય છે કે, આ પ્રકારના ચાર્જિંગ સ્ટેશનનું વધુ ૨ જગ્યાએ અમલીકરણ કરવાનો નિર્ણય **AMC** દ્વારા લેવામાં આવ્યો છે.

### ઈટાલિયાની જીત બાદ એક્ટિવ થયા

# ભાજપમાં સાઈડલાઈન થયેલા પૂર્વ મંત્રીમાં અચાનક પાવર આવ્યો

## પેટાચૂંટણીમાં તો ફરક્યાં નહીં, હવે જવાહર ચાવડાનું શક્તિ પ્રદર્શન જોવા મળ્યું : રાજકારણમાં કંઈક નવાજૂની થશે

અમદાવાદ : વિસાવદરની પેટાચૂંટણીમાં જીત ગોપાલ ઈટાલીયાની થઇ અને જયકાર જવાહર ચાવડાનો થયો હતો. વિસાવદર બેઠક ઉપરથી આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાનો વિજય થયો હતો, તેના બાદથી સોશિયલ મીડિયા પર એક જ વીડિયો ફરતો થયો હતો. જેમાં ગોપાલ ઈટાલીયા સાથે તેમના સમર્થકો પુર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાના જય જય કારના નારા લગાવ્યા હતા, આ વીડિયોએ રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જગાવી હતી. ત્યારે પેટાચૂંટણીના એક મહિનાના બાદ પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરા ચાવડા ફરી રાજકારણમાં સક્રિય થયા છે. વિસાવદરની પેટાચૂંટણીથી જાણે જવાહર ચાવડામાં નવો જોમ ભરાયો હોય તેમ તેઓ ફરી એક્ટિવ જોવા મળ્યા છે. ભાજપમાં સાઈડલાઈન કરાયેલા આ પૂર્વ મંત્રીમાં અચાનક પાવર આવ્યો હોય તેવું લાગે છે.

જવાહર ચાવડાએ એકાએક બેઠકોનો દોર શરૂ કર્યો છે. જેને કારણે ભાજપની રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઓ ફરી તેજ બની છે. જવાહર ચાવડાએ વિસાવદર, વંથલી, માણાવદર પંથકમાં બેઠકોના દોર શરૂ કર્યો છે. વિસાવદરના વડાળા, દાદર, મોણિયા, લેરિયા, લાલપર, વેકરીયામાં ગામના અગ્રણીઓ અને આગેવાનોની મુલાકાત લીધી હતી. જેતલવડ, ઘોડાસણ, જાંબુડા, પિયાવા અને રામપરા સહિત ગામોના અગ્રણીઓ અને આગેવાનોની મુલાકાત લીધી હતી. તેમજ જાંબુડા ગામમાં આયોજિત આહીર સમાજના કાર્યક્રમમાં પણ જવાહર ચાવડાએ હાજરી આપી.

અચાનક સળવળાટ થતા પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ જણાવ્યું કે, અમે સવારે વડાળા ગામથી શરૂ કરી ૧૦મું ગામ જાંબુડા આવ્યા છીએ. હજી અનેક ગામોમાં જઈશું. કોઈ ગામ રહી જશે તો ફરી પાછા આવીશું. તમારો પ્રેમ તમારો ઉત્સાહ જોતો આવું છું. વિસાવદમાં તમે સંગઠિત થયા છો, સંગઠનની તાકાત વિસાવદરની હદમાં થઈ છે. તમારે જ્યાં જરૂર પડે ત્યાં હું ઉભો છું. નવા વ્યવહાર અને સંબંધો શરૂ થયા છે. તમે યાદ રાખજો જ્યાં જરૂર પડશે ત્યાં હું ઉભો રહીશ.

### માલિક રોજ સરકારી ઓફિસના ધક્કા ખાય છે

# હજી સુધી ગંભીરા પુલ પર લટકેલી હાલતમાં છે ટેન્કર

## માલિક અને ડ્રાઈવર લટકેલા ટ્રકરને દૂર કરવા માટે સરકારી કચેરીઓના ચક્કર લગાવી રહ્યા છે





વડોદરા

વડોદરા-આણંદ જિલ્લાઓને જોડતા ગંભીરા પુલનો સ્લેબ તૂટી ગયાના ૧૦ દિવસ વીતી ગયા છે. આ બાદ પણ માલિક અને ડ્રાઈવર પુલ પર લટકતું ટેન્કર દૂર કરવા માટે સરકારી કચેરીઓના ચક્કર લગાવી રહ્યા છે. ૯ જુલાઈના રોજ થયેલા અકસ્માતમાં ગંભીરા પુલ પરથી ત્રણ ટ્રક સહિત અનેક વાહનો મહીસાગર નદીમાં પડી ગયા હતા. આ અકસ્માતમાં ૨૦ લોકોના મોત થયા હતા અને એક યુવાન હજુ પણ ગુમ છે. પુલ પર લટકતા ટેન્કરના ડ્રાઈવર રવિન્દ્ર કુમારે જણાવ્યું કે, હું અમદાવાદથી ટેન્કર ખાલી કરીને દહેજ જઈ રહ્યો હતો. સામેથી એક ટેન્કર આવી રહ્યું હતું અને મારી આગળ એક કાર જઈ રહી હતી. ત્યાંથી અચાનક પુલનો સ્લેબ તૂટી ગયો. બે સેકન્ડમાં પુલનો સ્લેબ નદીમાં પડી ગયો. સામેથી આવતા ટેન્કરે મારા ટેન્કરને ટક્કર મારી અને તે ટેન્કર નદીમાં પડી ગયું. ઘટનાને નજર સામે યાદ કરતા ડ્રાઈવરે કહ્યું કે, મેં હેન્ડબ્રેક લગાવીને ટેન્કર રોક્યું. હું ટેન્કરમાંથી કૂદી પડ્યો અને બેભાન થઈ ગયો. બે-ત્રણ કલાક પછી મેં પરિવારનો સંપર્ક કર્યો. પરિવારને ખબર પડી કે હું આ ટેન્કર ચલાવી રહ્યો છું. બાદમાં પોલીસ મને પોલીસ સ્ટેશન લઈ ગઈ. મને ખબર નહોતી કે ત્યાં શું થયું છે. હું પ્રશાસનને અપીલ કરું છું કે તૂટેલા પુલ પર લટકતી ટેન્કર ત્યાંથી દૂર કરવામાં આવે. જેથી અમે ટેન્કર ચલાવીને આપણું ગુજરાન ચલાવી શકીએ.અંકલેશ્વરમાં રોડલાઈનના ટેન્કર માલિક રામાશંકર પાલે જણાવ્યું કે, આણંદમાં સરકારી કચેરીના અધિકારીઓ વડોદરાને દોષી ઠેરવી રહ્યા છે અને વડોદરાના અધિકારીઓ આણંદને દોષી ઠેરવી રહ્યા છે. અમે આણંદ અને વડોદરામાં સરકારી કચેરીઓની મુલાકાત લઈને કંટાળી ગયા છીએ. એક અધિકારીએ જવાબ આપ્યો કે ટેન્કર ત્યારે જ ઉપલબ્ધ થશે જ્યારે નવો પુલ બનશે અને જૂનો પુલ તોડી પાડવામાં આવશે. બીજા અધિકારીએ જવાબ આપ્યો કે સેનાને હેલિકોપ્ટર દ્વારા ટેન્કર દૂર કરવા માટે પણ વિનંતી કરવામાં આવી છે. બીજા અધિકારીએ કહ્યું કે આ અકસ્માત તમારા ટેન્કરને કારણે થયો છે. ટેન્કરનો માલિક કહે છે કે, ડ્રાઈવરનો ફોન આવતાની સાથે જ હું તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો. ૧૦ દિવસ પછી પણ મને મારું વાહન મળ્યું નહીં. સદનસીબે મારા ટેન્કરનો ડ્રાઈવર બચી ગયો. આ ટેન્કર પર મારી લોન છે અને દર મહિને ૧ લાખ રૂપિયાનો બેંક હપ્તો આવે છે. જો ટેન્કર ચાલે તો હું બેંક હપ્તો ચૂકવી શકીશ. હવે નવો પુલ બને ત્યાં સુધી અમારે ટેન્કરની રાહ જોવી પડશે. મેં કલેક્ટરને એક મેમોરેન્ડમ સુપરત કર્યું છે અને સોમવારે તેમને મળવાનું કહ્યું છે.

### ૧૬ પંપમાં ગેરરીતિ પકડાઈ, કડક પગલાં હાથ ધરાયા

# આખા ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ પંપ ઉપર દરોડા

## ગુજરાતના તોલમાપ વિભાગે ૧૮-૧૯ જુલાઈએ રાજ્યભરમાં ૨૬૭ પેટ્રોલ-ડીઝલ પંપોની ચકાસણી કરી



અમદાવાદ

રાજ્યના તોલમાપ તંત્ર દ્વારા ૧૮ અને ૧૯ જુલાઈના રોજ સમગ્ર ગુજરાતમાં બે દિવસીય વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં શહેરો અને હાઈવે પર આવેલા કુલ ૨૬૭ જેટલા પેટ્રોલ અને ડીઝલ પંપ પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ દરોડા દરમિયાન રાજ્યના ૧૬ જેટલા પેટ્રોલ-ડીઝલ પંપ પર કાયદા અને નિયમોના ઉલ્લંઘન સહિતની વિવિધ ગેરરીતિઓ જણાઈ હતી. જેથી તુરંત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અને દંડ વસૂલવામાં આવ્યો છે. તોલમાપ તંત્ર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આ ઝુંબેશ માટે નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક તથા ઈન્સ્પેક્ટરોની ટીમે જિલ્લાવાર તપાસ હાથ ધરી હતી.

ગેરરીતિ ધરાવતા પંપોમાં સૌથી વધુ ૩ પંપ અમદાવાદ જિલ્લામાં, ૨ પંપ પંચમહાલ જિલ્લામાં નોંધાયા હતા. જ્યારે વડોદરા, સુરત, કચ્છ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, હિંમતનગર (સાબરકાંઠા) અને મોરબી જિલ્લામાં દરેકમાં ૧-૧ પંપ પર ગેરરીતિ સામે આવી હતી.

તપાસ દરમિયાન કેટલીક સામાન્ય પરંતુ ગંભીર ગેરરીતિઓ સામે આવી છે જેમ કે સ્ટાન્ડર્ડ કેપેસિટી મેજર ન રાખવું, કેપેસિટી મેજર તથા ડીસ્પેંસિંગ યુનિટનું મુદ્રાંકન અથવા ફેરચકાસણી ન કરાવવી, તેમજ ઇંધણના માપન માટે જરૂરી ખરાઈ પ્રમાણપત્ર ના દર્શાવવું વગેરે. તોલમાપ તંત્રએ જણાવ્યું કે લોકો મુસાફરી દરમિયાન તથા રોજિંદી જરૂરિયાત માટે મોટા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ ખરીદે છે.

ઘણીવાર આવી ખરીદીમાં ગ્રાહકોને છેતરવામાં આવે છે, તેથી ગ્રાહકોના હિતમાં આ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશનો મુખ્ય હેતુ ગ્રાહકોને પોતાનાં હક વિશે જાગૃત કરવો અને પંપોમાં કાયદાની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરાવવાનો રહ્યો છે.

તંત્રએ વધુમાં જણાવ્યું કે આવી ઝુંબેશો આગળ પણ ચાલુ રહેશે અને ગેરરીતિ કરવા બદલ જવાબદાર પંપોને કડક કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

# કારચાલક પેટ્રોલ પંપ પર સફાઈ કર્મી મહિલાને કચડીને ભાગી ગયો

સુરત

ગુજરાતમાં સતત રોડ અકસ્માત અને હિટ એન્ડ રનની ઘટનાઓ વધી રહી છે. આ દરમિયાન સુરતથી અકસ્માતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માંગરોળ તાલુકાના પાલોદ ગામે પેટ્રોલ પંપ પર એક બેફામ કારચાલકે સફાઈ કરી રહેલી મહિલાને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ફરાર થઈ ગયો હતો. મહિલાને ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી.

મળતી માહિતી અનુસાર, પાલોદ ગામમાં આવેલા પેટ્રોલ પંપ પર મહિલા સફાઈકર્મી પોતાનું કામ કરી રહી હતી.

આ દરમિયાન એક કાર ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે મહિલા ફંગોળાઈને નીચે પટકાઈ ગઈ હતી. જેના કારણે મહિલાને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માત સર્જીને કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ મામલે કારચાલક સામ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે અને ફરાર કારચાલકને પકડવા તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મેઘરાજાએ વિરામ લીધા બાદ ફરી ધમાકેદાર પધરામણી કરી

જામનગર

જામનગરમાં મેઘરાજાએ વિરામ લીધા બાદ ફરી ધમાકેદાર પધરામણી કરી છે.

આજે જામનગરના જોડિયા પંથકમાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લામાં આજે સવારથી જ જોડિયાના કુન્નડ, લીંબુડા સહીત આસપાસના ગામમાં વરસાદ વરસી રહ્યો છે. થોડા દિવસના વિરમ બાદ ફરી વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી છે.

ધોધમાર વરસાદના કારણે નદીઓ અને ડેમમાં પાણીની આવક વધી.આજે વરસાદે જામનગરમાં ધબડાટી બોલાવતા તમામ વિસ્તારો જળબંબાકાર થયા. જોડિયાના કુન્નડ, લીંબુડા સહિત ગ્રામ્યમાં આજે વરસાદનું જોર જોવા મળ્યું. ધોધમાર વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા છે. ભારે વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા જનજીવન પર તેની અસર જોવા મળી છે. જુલાઈના આરંભમાં જોડિયામાં ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત માનપર, બાલંભા, લખતર, ભાદરા સહિત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદનું જોર જોવા મળ્યું હતું.ધોધમાર વરસાદના કારણે નદી-નાળા છલકાયા. ભારે વરસાદને પગલે રંગમતી ડેમ ઓવરફ્લો થયો હતો. જેના કારણે રંગમતી ડેમના દરવાજા ખોલતા આસપાસના વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા.

આજે જામનગર ઉપરાંત બનાસકાંઠામાં પણ મેઘરાજા ધુઆંધાર બેટિંગ કરી રહ્યા છે.

રાજ્યમાં અત્યાર સુધી ચોમાસાની સિઝનનો સરેરાશ ૫૦ ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

આ વર્ષે સારો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. સારા વરસાદના કારણે ખેડૂતોને વધુ પાક થતા સારા વળતરની આશા બંધાઈ છે.

### મૂળ ધોળકાના રિક્ષાચાલક પરિવારે ઝેરી દવા ગટગટાવી

# રીક્ષાચાલક પરિવારના પાંચ સભ્યોએ મોત વ્હાલુ કર્યું



મૃતક પરિવાર ધોળકાના બારાકોઠા ગામનો રહેવાસી હતો જે બગોદરા બસ સ્ટેન્ડ પાસે ભાડાના મકાનમાં રહેતો હતો

બગોદરા

અમદાવાદ પાસે આવેલ બગોદરામાં સામુહિક આપઘાતનો બનાવ બન્યો છે. ભાડાના મકાનમાં રહેતા રીક્ષાચાલક પરિવારના પાંચ સભ્યોએ મોત વ્હાલુ કર્યું છે. એક પરિવારના પાંચ સભ્યોએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી પ્રવાહી/પદાર્થ પીને આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મૃતક પરિવાર ધોળકાના બારાકોઠા ગામનો રહેવાસી હતો. જે હાલ બગોદરા બસ સ્ટેન્ડ પાસે ભાડાના મકાનમાં રહેતો હતો. પરિવારે કયા કારણોસર આ પગલુ ભર્યુ તે હજી સામે આવ્યું નથી. પરંતુ સવારે આખો પરિવાર ખાટલામાં ઝેરી દવા પીને મૃત હાલમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ બગોદરા પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક પહોંચી હતી. જેમાં તપાસ કરતા તમામ મૃત મળી આવ્યા હતા.

હાલ તમામના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે બગોદરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા છે. અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતક વિપુલભાઈના સાળાએ માહિતી આપતા જણાવ્યું કે, અમને રાતે જાણ થતાં અમે સ્થળ પર પહોંચ્યા હતા. વિપુલભાઈ અને અન્ય સભ્યો જમીન પર પડેલા હતા અને ઊલટીઓ કરેલી હાલત હતી.

રાતે સ્થળ પર તપાસ કરતા મૃત જણાઈ આવતા સોલા સિવિલ લાવ્યા હતા. વિપુલભાઈ મૂળ ધોળકાના અને બગોદરા ખાતે ભાડાના મકાનમાં રહીને રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા હતા. હમે રીક્ષા લીધી હતી, જેનું પ્રેશર હોવાથી આ પગલુ ભર્યુ હોવાનો અંદાજ છે. રીક્ષા બાબતે ઉઘરાણીઓ પણ ચાલતી હતી. પ

રિવારના ભોજનમાં દવા કોણે ભેળવી તે અંગે તપાસ થઈ રહી છે. પ મહિના પહેલા જ આ પરિવાર બગોદરા રહેવા આવ્યો હતો અને બાદમાં રીક્ષા ફાઈનાન્સ પર લીધી હતી.

મૃતકોના નામ

૧. વિપુલભાઈ કાનજીભાઈ વાઘેલા, ઉંમર ૩૪ વર્ષ, પતિ ૨. સોનલબેન વિપુલભાઈ વાઘેલા, ઉંમર ૨૬ વર્ષ, પત્નીૃ૩. કરીના વિપુલભાઈ વાઘેલા, ઉંમર ૧૧ વર્ષ, દીકરી

૪. મયુર વિપુલભાઈ વાઘેલા, ઉંમર ૮ વર્ષ, દીકરો

૫. પ્રિન્સિ વિપુલભાઈ વાઘેલા, ઉંમર ૫ વર્ષ, દીકરી

### બંને ૨૦૨૧માં ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવ્યા હતા

# અંજારના ASI અને CRPF જવાન ચાર વર્ષથી હતા પ્રેમમાં

## મૃતકના પરિવારજનો તેમની દીકરીને મોતને ઘાટ ઉતારનાર તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય તેવી માંગ

કચ્છ

અંજારમાં એએસઆઈ તરીકે પોલીસ બેડામાં ફરજ બજાવતી ૨૫ વર્ષીય આશાસ્પદ યુવતીની હત્યા થઈ છે. કચ્છના અંજારમાં મહિલા **ASI**ના હત્યાના આરોપીએ પોલીસ સામે આત્મસમર્પણ કર્યુ છે. પોલીસે આરોપી પ્રેમીની ધપકડ કરી છે. ગત રાત્રે **ASI**ના પ્રેમી જે સીઆરપીએફમાં ફરજ બજાવે છે તેણે જ યુવતીનું ઘરમાં ગળું દબાવીને હત્યા કરી નાખી. પોલીસના મતે ગઈકાલે રાત્રે લગભગ ૧૦ વાગે **ASI** અને તેના પ્રેમી વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં ગુસ્સે થયા પ્રેમીએ **ASI**ની હત્યા કરી નાખી હતી. મરણ જનાર અરુણા જાદવ મૂળ સુરેન્દ્રનગરના દેરવાડાના વતની હતા અને અંજારની ગંગોત્રી સોસાયટીમાં રહેતા હતા. જે પ્રેમીએ ગળુ દબાવી હત્યા કરી એ આરોપી દિલીપ **CRPF**મા ફરજ બજાવે છે. હાલ અંજારમાં ફરજ બજાવતી મહિલા **ASI**ની હત્યાથી પોલીસ ખાતામાં દોડધામ મચી ગઈ છે. બંને ૨૦૨૧માં ઈનસ્ટાગ્રામથી સંપર્કમાં આવ્યા હતા અને લીવ ઈનમા રહેતા હતા. ત્યારે મૃતક પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતી અરુણા જાદવના મૃતદેહને જામનગર એમપી શાહ મેડિકલ કોલેજ ખાતે પેનલ પીએમ માટે ખસેડાયો છે. મૂળ સુરેન્દ્રનગરના લખતર તાલુકાના ડેરવાળા ગામની ૨૫ વર્ષીય આશાસ્પદ યુવતી અરુણાબેન નથુભાઈ જાદવ પોતાની કારકિર્દીની શરૂઆત પાટડી બજાણામાં ફોરેસ્ટ વિભાગમાં જોડાઈ કરી હતી. બાદમાં આ યુવતી કોન્સ્ટેબલ અને એએસઆઈની પરીક્ષા પાસ કરી અંજારમાં છેલ્લા એકાદ વર્ષથી **ASI** તરીકે ફરજ બજાવતી હતી. તાજેતરમાં જ તેને પીએસઆઈ માટે પણ પરીક્ષા આપી હતી. અંજારમાં ગંગોત્રી સોસાયટી-૨માં અરુણા ભાડેથી મકાન રાખી **ASI** તરીકે ફરજ બજાવતી હતી.

અરુણાને છેલ્લા ત્રણ ચાર વર્ષથી સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં આવેલ ટોકરાળા ગામના દિલીપભાઈ શંકરભાઈ જાદવ સાથે પરિચયમાં આવી હતી.

જે બાદ તેઓનો સંબંધ પ્રેમમાં પરિણમ્યો હતો. આ અંગે બંનેના પરિવારજનોને પણ જાણ હતી અને અરુણાના પરિવારજનો દિલીપ સાથે તેમના લગ્ન કરાવવા માટે પણ રાજી ખુશી હતા.પરિવારજનોના જણાવ્યા પ્રમાણે મૃતક અરુણાના પ્રેમી સીઆરપીએફમાં આસામના મણિપુર ખાતે ફરજ બજાવતા દિલીપના કૌટુબિક લોકો લગ્ન સંબંધને લઈને રાજી ન હોવાથી દિલીપે ૧૮, જુલાઈ, ૨૦૨૫ ના શુક્રવારે રાત્રે અરુણાના રૂમ પર પહોંચ્યો હતો.

શનિવારે સવારે દસેક વાગ્યા આસપાસ અરુણાનો મૃતદેહ અંજારના નિવાસ્થાને મળ્યો હોવાનો પોલીસ સ્ટેશનમાંથી ફોન આવ્યો હતો.

આ અંગેની જાણ થતા જ મૃતક **ASI** અરુણા જાદવના પરિવારજનો અંજાર ખાતે પહોંચ્યા હતા અને ત્યાંથી અરુણાના મૃતદેહને પેનલ પીએમ માટે જામનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ તો **AsI** અરુણાના મૃતદેહને પેનલ પીએમ કરી તેના વતન ડેરવાળા અંતિમ ક્રિયા માટે મોકલી આપ્યો છે. પ્રેમી એ જ પોલીસમાં **ASI** તરીકે ફરજ બજાવતી યુવતીને મોતને ઘાટ ઉતારતા ચકચાર મચી જવા પામી છે. ક્યારે મૃતકના પરિવારજનો તેમની દીકરીને મોતને ઘાટ ઉતારનાર તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય અને આવું પગલું ફરતા પહેલા બીજા કોઈ વિચારે તે પ્રકારની કાર્યવાહી કરવા માગણી કરી રહ્યા છે.

# પોરબંદર સહિત આઠ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થશે

અમદાવાદ

રાજ્યમાં વરસાદની બ્રેક બાદ સૌરાષ્ટ્રમાં ફરીથી મેઘરાજા પોતાની સવારી લઈને આવ્યા છે. ત્યારે ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે આજના દિવસ માટે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપી છે. હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે ગુજરાતમાં સાત દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે પોરબંદર, દ્વારકા, જામનગર, જૂનાગઢમાં અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત કચ્છ, મોરબી, રાજકોટ, ગીર સોમનાથમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું હતુ.હવામાન વિભાગે જાહેર કરેલા મેપ પ્રમાણે, ૨૨મીથી ૨૬મી તારીખ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાનોની આગાહીમાં તેમણે જણાવ્યું કે, ૨૨થી ૩૧ જુલાઈમાં વરસાદનો એક મોટો અને લાંબો રાઉન્ડ આવે અને સારા વરસાદ પડે તેવી અપેક્ષા છે. જુલાઈ મહિનાના છેલ્લા અઠવાડિયામાં બંગાળની ખાડીમાં એક સિસ્ટમ બનશે અને તે ગુજરાત પરથી પસાર થાય તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે. ૨૨ તારીખથી બંગાળની ખાડીમાં એક સિસ્ટમ સક્રિય થશે અને તે પશ્ચિમ દિશા તરફ ગતિ કરશે. તે ગુજરાત તરફ ગતિ કરે તેવી સંભાવના છે. તેની અસર ૨૩-૨૩ તારીખથી ગુજરાતને થાય તેવું અનુમાન છે. ૨૨-૨૩ તારીખથી સામાન્ય વરસાદમાં વધારો થતો જશે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).